# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# STATE LEVEL INDEPENDENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પોરબંદર ખાતે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી મહેસાણા ખાતે ધ્વજવંદન કરશે. રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને કલેકટર વિવિધ જિલ્લા મથકોએ ઉજવણીમાં ભાગ લેશે. જેમાં નાણાં મંત્રી કનુ દેસાઈ નવસારીમાં, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાબરકાંઠામાં, કૃષિ મંત્રી રાઘવજી પટેલ જામનગરમાં જ્યારે ભાનુબેન બાબરિયા રાજકોટ અને હર્ષ સંઘવી ગાંધીનગર ખાતે ધ્વજવંદન કરશે.

. . . . . . . . . . .

## <u>TIRANGA TUNE</u>

# TIRANGA YATRA

ગાંધીનગરમાં સેક્ટર-6માં આવેલા અપના બજાર ખાતેથી તિરંગા યાત્રાનું મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબેન બાબરીયાએ પ્રસ્થાન કરાવ્યું હતું. "હર ઘર તિરંગા - હર ઘર સ્વચ્છતા"અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં નીકળેલી તિરંગા યાત્રામાં સૌ ગાંધીનગરવાસીઓએ સહભાગી થઈને દેશની આન, બાન અને શાન સમા તિરંગાનું ગૌરવ ગાન કર્યું હતું.

જ્યારે બોટાદ શહેરના માર્કેટિંગ યાર્ડ ખાતેથી તિરંગા યાત્રાનું લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું. 79 માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે 79 ફૂટના તિરંગા સાથે ની તિરંગા યાત્રામાં ગઢડાના ધારાસભ્ય શંભુનાથ ટુંડિયા પણ જોડાયાં હતાં.

(બાઇટ- શંભુનાથ ટુંડિયા,ધારાસભ્ય BOTAD )

નર્મદાના મુખ્ય મથક રાજપીપળા ખાતે તિરંગા યાત્રાનો પ્રારંભ બિરસા મુંડા ચોક ખાતેથી થયો હતો, જ્યાં જિલ્લા કલેક્ટર, રાજકીય અગ્રણીઓએ નંદરાજાની પ્રતિમાને ફૂલહાર અર્પણ કર્યા હતા..ડાંગ અને સુરેન્દ્રનગર ખાતે પણ તિરંગા યાત્રમાં અનેક લોકો જોડાયાં હતાં. ભાવનગર મંડળ દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન હેઠળ આજે તિરંગા બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મંડળના અધિકારીઓ, કર્મચારીઓ, રેલવે સુરક્ષા બળના જવાનો અને સ્કાઉટ એન્ડ ગાઇડના સભ્યો ભાગ લીધા.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના પ્રસ્થાન સંકેતથી આ તિરંગા બાઇક રેલીની શરૂઆત કરવામાં આવી.

-------------------------------------

# AHMEDABAD SAFEST CITY

તાજેતરમાં એક યુરોપિયન સંસ્થાએ અમદાવાદને દેશનું સૌથી સલામત સ્થળ જાહેર કર્યું છે. ગુનાનો દર, લોકોના પ્રતિભાવ સોશિયલ મીડિયા સહિત અનેક માપદંડોને આધારે આ ક્રમ અપાયો છે. આ અંગે પોલીસ કમિશનર જી એસ મલિકે જણાવ્યું કે પોલીસે સામુદાયિક

ભાગીદારી વધારી છે. અને લોકોને પોતાના ઘેર અને ઓફિસે સીસીટીવી લગાડવા પ્રોત્સાહિત કર્યા છે. આ સિવાય અન્ય સરકારી કચરીઓ ખાતે પણ લગાવાયેલા કેમેરાને કારણે ગુના નિયંત્રણની સાથે તપાસમાં પણ મદદ મળી છે.

(બાઇટ : જી.એસ.મલિક- CP)

. . . . . . . . . . .

## TRAIN CANCELLED

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના પ્રતાપનગર યાર્ડમાં બ્લોકને કારણે આજે અને આવતીકાલે કેટલીક ટ્રેનો રદ રહેશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે એકતાનગર-પ્રતાપનગર મેમુ ટ્રેન, પ્રતાપનગર-એકતાનગર મેમુ ટ્રેન, છોટા ઉદેપુર-પ્રતાપનગર પેસેન્જર ટ્રેન અને પ્રતાપનગર-છોટા ઉદેપુર પેસેન્જર ટ્રેન આજે અને આવતીકાલે રદ રહેશે.

. . . . . . . . . . .

## SOMNATH

દ્વાદશ જ્યોર્તિલિંગમાના એક એવા સોમનાથ તીર્થમાં સાંસ્કૃતિક પુનઃપ્રતિષ્ઠાનનો અવિરત યજ્ઞ ચાલુ છે. શ્રાવણ માસ દરમિયાન ભક્તિ

અને કળાનો અનોખો સમન્વય પ્રગટાવતો “વંદે સોમનાથ” મહોત્સવ, આ વર્ષે પાંચમા ચરણ સુધી પહોંચી ચૂક્યો છે.

શ્રાવણના ત્રીજા સોમવારે વંદે સોમનાથ મહોત્સવનો પાંચમો તબક્કો સંપન્ન થયો હતો. જેમાં દિલ્હીથી સુબ્રતા પંડા અને રસા સ્કૂલ ઓફ ઓડિસી ડાન્સ દ્વારા શિવ તત્વને અનુરૂપ ઓડિસી નૃત્ય કળા રજૂ કરવામાં આવી હતી. વડોદરાની તત્વ અકાદમીની દ્યુતિ પંડ્યા દ્વારા કથક નૃત્ય અને અમદાવાદના અપલ શાહના એસ.પી.એ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડાન્સ દ્વારા પરંપરાગત રાસ અને ટિપ્પણી નૃત્યો રજૂ કરીને શ્રી સોમનાથ મહાદેવની ભક્તિમાં નૃત્યાર્પણ કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનો છઠ્ઠો અને અંતિમ તબક્કો 18 ઓગસ્ટ 2025 ના રોજ શ્રાવણના અંતિમ સોમવારે યોજાશે.

. . . . . . . . . . .

# BHARUCH KAJRA CHOTH

ભરૂચ શહેરના કબીરપુરા તેમજ બરાનપુરા ખત્રીવાડ વિસ્તારમાં વસતા 300થી વધુ ખત્રી પરિવારોએ આજે પારંપારિક તહેવાર કાજરા ચોથની ઉજવણી કરી. આ દિવસે ખત્રી સમાજના યુવાનો શણગારેલા કાજરાની પૂજા-અર્ચના કરી તેને ઢોલ, નગારાના નાંદ સાથે ભરૂચ નિલકંઠ નજીક આવેલ પૌરાણિક જૂની સિંધવાઇ માતાજીના મંદિરે લઇ જઈ માતાજી પાસે કાજરાને નમાવી, નચાવી કબીરપુરા તથા બરાનપુરા ખત્રીવાડના ઘરે-ઘરે કાજરાને નચાવી અંતે મા નર્મદાના પવિત્ર જળમાં વિસર્જીત કરવામાં આવે છે.

. . . . . . . . . . .